# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનું ધોરણ-૧૦નું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના આલમપુર ગામ સ્થિત રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનું સીબીએસઈ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે.

આચાર્ય અનામિકા અંજારિયાએ આ ઉજ્જવળ પરિણામ બદલ પ્રત્યેક શિક્ષક અને વિદ્યાર્થીને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# રીક્ષા ચલાવતા પિતાના પુત્રએ ૧૨ સાયન્સમાં ૯૧ ટકા મેળવ્યા

## તેજસ્વી વિદ્યાર્થીનાં માતા પણ સામાન્ય કામ કરી પરિવારને આર્થિક રીત મદદરૂપ થઈ રહ્યાં છે

ગાંધીનગર, તા. ૧૦

જીએસઈબી બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ૧૨ સાયન્સનું ૭૧.૯૦ ટકા પરિણામ જાહેર થયું છે. જેમાં સુરતમાં રીક્ષા ચાલકના દીકરીએ બોર્ડની પરીક્ષામાં ૯૧ ટકા મેળવ્યા છે. આઈએન ટેકરાવાલ સ્કૂલમાં અભ્યાસ કરતા શાહુ સુમિતે ૧૨ સાયન્સ એ-ગ્રુપની પરીક્ષામાં ૯૧ ટકા મેળવ્યા છે.

૧૨ સાયન્સ પરીક્ષામાં ૯૧ ટકા સાથે મેદાન મારનાર સુમિતે પરીબે જણાવ્યું હતું કે, એક વર્ષ સુધી રોજ અભ્યાસ સિવાય રોજ ૪ કલાક જેટલું વાંચન કરતો હતો. શિક્ષકોની મહેનત અને માતા-પિતાના સપોર્ટથી આ પરિણામ મેળવવામાં સફળતા મળી છે. પિતાએ જણાવ્યું હતું કે, અભ્યાસ નહીં કરે તો મારી જેમ રીક્ષા ચલાવવી પડેશે. જેથી ધોરણ ૧૦ પછી ખૂબ મહેનત કરી આ સિદ્ધી હાંસલ કરી છે.

મૂળ ઉતરપ્રદેશના રહેવાસી શિવકોશોરભાઈ શાહુ છેલ્લા ૩૦ વર્ષથી સુરતમાં રહે છે. અને રીક્ષા ચલાવી બે દીકરી અને એક દીકરાને ભણાવી રહ્યા છે. માતા પણ સામાન્ય કામ કરી પરિવારને આર્થિક રીત મદદરૂપ થઈ રહ્યાં છે.

# શૌચાલયના કેર ટેકરના પુત્રએ ધો-૧૨માં ૯૯.૬૦ પર્સેન્ટાઈલ મેળવ્યાં

ગાંધીનગર, તા.૧૦

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું. પરિણામમાં અમદાવાદના એક સફાઇ કામદારનો દીકરો પણ ઝળક્યો છે. યશ અધિકારી નામના વિદ્યાર્થીના પિતા અશોકભાઈ શૌચાલયના કેર ટેકર તરીકે કામ કરે છે. યશે ધોરણ-૧૨ સાયન્સમાં ૯૯.૬૦ પર્સેન્ટાઇનલ મેળવ્યા છે, જ્યારે યશનું ધોરણ-૧૨નું પરિણામ ૯૩.૬૦ ટકા આવ્યું છે.

યશે જણાવ્યું હતું કે તેના પિતા અશોકભાઈ શૌચાલયમાં કેર ટેકર તરીકેનું કામ કરે છે, જ્યારે માતા ગૃહિણી છે. યશનો મોટા ભાઈ સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરે છે. પોતે મધ્યમ વર્ગના પરિવારમાંથી આવે છે. સારા માર્ક્સ અંગે વાત કરતા યશે જણાવ્યું હતું કે, તે દરરોજ છ કલાક વાંચન કરતો હતો. મહેનત અને પેપર સોલ્વિંગથી તેણે સારા માર્ક્સ મેળવ્યા છે. અભ્યાસની ફી કે અન્ય બાબતે અંગે તકલીફ પડી હોવા અંગે યશે જણાવ્યું હતું કે, 'પરિવાર મધ્યમ વર્ગનો હોવા છતાં કોઈ તકલીફનો સામનો કરવો પડ્યો ન હતો.

# દિલ્હી પબ્લિક સ્કૂલનું ધો.૧૦નું ૧૦૦ ટકા પરિણામ



ગાંધીનગર, તા. ૧૦

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના ૨૪૭ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની સીબીએસઈની પરીક્ષામાં બેઠા હતા, જેમાંથી ૬૮ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ માર્ક મેળવીને શાળાનું નામ રોશનકર્યું છે. આ સાથે શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે અને શાળાના વિદ્યાર્થીઓનું સરેરાશ પરિણામ ૮૨ ટકા જેટલું રહ્યું છે. શાળામાં સૌરભ ભારદ્વાજ, દીયા પટેલ, પ્રેમ પટેલ, ખુશી શર્મા અને અમ્રિતા યાદવે અનુક્રમે અગ્રતાક્રમ મેળવ્યો છે. આચાર્ય અતનુ રથે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આ સિદ્ધિ બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# વિદ્યાર્થીઓના વર્ગીકરણ બાબતે પીઆઈએલ

ગાંધીનગર, તા. ૧૦

ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના ઓનલાઈન ફોર્મ ભરવા માટે આધાર નંબર માગવા અને મુસ્લિમ વિદ્યાર્થીઓનું પ્રોફાઈલિંગ કરવાના વિવાદના મુદ્દે થયેલી જાહેરહિતની અરજીમાં ગુજરાત બોર્ડ દ્વારા રજૂ કરવામાં આવેલાં રિપોર્ટ પ્રત્યે હાઈકોર્ટે સંતોષ વ્યક્ત કર્યો હતો. હાઈકોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસ અનંત એસ. દવે અને જસ્ટિસ બિરેન વૈષ્ણવની ખંડપીઠે આ કેસ આદેશ માટે ૧૩મી જૂનના રોજ રાખ્યો છે. આ સમગ્ર મામલે ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડી એજ્યુકેશન બોર્ડ તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે,'ઓનલાઈન ફોર્મ ભરવા માટે આધાર કાર્ડ ફરજિયાત રાખવામાં આવ્યું જ નથી. બીજું કે મુસ્લિમ વિદ્યાર્થીઓમાં ડ્રોપ આઉટ રેશિયો વધુ હોવાથી તેમના માટે યોગ્ય યોજના બનાવવાના હેતુથી કેન્દ્રીય મંત્રાલયે વર્ષ ૨૦૧૨-૧૩માં ડેટા માગ્યા હતા. જેથી જાણી શકાય કે કયા કારણોથી આ વિદ્યાર્થીઓ સ્કૂલમાંથી ડ્રોપ થઈ જાય છે. તેઓ કેટલું ભણે છે અને કેટલા વિદ્યાર્થીઓ ભણી રહ્યાં છે. આ માહિતીના આધારે તેમના હિત માટેની યોજના બનાવી શકાય.' અલબત્ત, હાઈકોર્ટની ખંડપીઠે એક તબક્કે એવી ટકોર કરી હતી કે,'જો સરવે કરવો હોય તો દરેક ધર્મના વિદ્યાર્થીઓનો થાય. માત્ર એક જ લઘુમતીનો સરવે ન કરી શકાય.'

આ સમગ્ર મામલે અરજદાર એડવોકેટ કે.આર. કોષ્ટિએ જાહેરહિતની અરજી કરી હતી. જેમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતાં કે,'સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના આધાર નંબર માગવામાં આવી રહ્યા છે.

# જન્મદિને વધામણી



ક્રિષ્ણાકુમારી ગિરીશ આર્ય
મો. ૯૯૦૪૫૦૧૭૫૫



કાનલ ઉપાધ્યાય
મો. ૯૯૯૮૯ ૯૯૬૩૨



સ્નેહલ એ. શાહ
મો. ૯૯૦૭૦ ૨૫૨૫૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# માતૃભાષાની કાર્યશાળામાં આજે ભાવનગરનાં રક્ષાબેન દવે 'અનુસ્વાર' અંગે વિગતે વાત કરશે

ગાંધીનગર, તા. ૧૦

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન પ્રેરિત અવિરત ચાલતી કાર્યશાળામાંનો ૧૯મો મણકો ૧૧મી મે, શનિવારે સાંજે ૪થી ૬ દરમિયાન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સૅક્ટર-૨૦ ખાતે યોજાઈ રહ્યો છે.

જેમાં પ્રખર ભાષાવિદ રક્ષાબહેન દવે ભાવનગરથી અનુસ્વારનો અઘરો વિષય શીખવવા આવી રહ્યાં છે.

નગરના દરેક ભાષાપ્રેમીને આગ્રહભરી વિનંતી ભાષાનાં નિષ્ણાત એવા આ મહાનુભાવના જ્ઞાનનો લાભ લેવા સમયસર કાર્યક્રમમાં પધારવા સંસ્થા દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.

# બે મહિલાઓએ બનાવી ગર્ભસંસ્કારનું પાલન કરાવતી મોબાઈલ એપ્લીકેશન

ગાંધીનગર, તા. ૧૦

ગર્ભસંસ્કાર ભારતીય સંસ્કૃતિનું વિસરાઈ રહેલું જ્ઞાન છે. ઈચ્છિત ગુણોવાળા સંતાનની પ્રાપ્તિ માટેનું વિજ્ઞાન એટલે ગર્ભસંસ્કાર. ગર્ભસંસ્કારની સાચી સમજ અને અમલકરવાથી અદભુતગુણોવાળા સંતાનની પ્રાપ્તિ શક્ય થઈ શકે છે કે જે આપણા દેશને વિશ્વગુરુ બનાવવાવા માટે સક્ષમ હોય. અભિમન્યુ, ભક્ત પ્રહલાદ, શિવાજી મહારાજ અનેઆપણા લોકલાડીલા અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા અનેક મહાપુરુષોના જીવનગર્ભસંસ્કારનું પરિણામ છે.



યોગની જેમ ગર્ભસંસ્કારનું જ્ઞાન પણ ભારતની જ દેન છે. આ વિજ્ઞાનનો દુનિયાનામાં ફેલાવો કરવાના શુભ સંકલ્પથી મજેસ્ટીક ગર્ભસંસ્કારની ટીમછેલ્લા ૧૦ વરસથી પ્રયત્નો કરી રહી છે. આજના ટેકનોલોજીના યુગમાં આ વૈદિક વિજ્ઞાનને ટેકનોલોજીનો જ ઉપયોગ કરીને ઘરે ઘર પહોચાડી શકાય એમ છે. મધર્સ ડેના શુભ પ્રસંગે અમદાવાદની બે માતાઓ જયશ્રી ઉપાધ્યાય અને દયા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ટીમ મજેસ્ટીક ગર્ભસંસ્કારે "મા" બનવા જઈ રહેલી સમગ્ર વિશ્વની મહિલાઓને ગર્ભસંસ્કારનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન મળે અને તેનું પાલન થઈ શકે એવી મોબાઈલ એપ્લીકેશન"ગર્ભ સંસ્કાર ગુરુ" અને "પ્રેગ્નન્સી ગુરુ"બનાવી છે, જેનો ઉપયોગ ૪૪૦૦૦ થી વધુ માતાઓ કરી રહી છે. આ મોબાઈલ એપલીકેશન એન્ડ્રોઈ અને iOS મોબાઈલ માટે વિકસાવવામાં આવી છે. આ બંને એપ્લીકેશનમાં ગર્ભસંસ્કારની સંપૂર્ણ માહિતી, તેના પાલનની પદ્ધતિ અને પાલન કરવા માટેનું મટેરિયલ નિશુલ્ક આપવામાં આવ્યું છે. આ એપ્લીકેશનને ગાયનેક અને આયુર્વેદના નિષ્ણાત ડોક્ટરો, પ્રોફેસર્સ, બાળમાનસના જાણકારો અને સમાજસુધારકોના માર્ગદર્શન મુજબ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં બનાવવામાં આવી છે. આ એક એવી એપ છે જે સતત ૧૦ વર્ષના રિસર્ચ પછી આજે વિનામુલ્યે સ્ત્રીઓ માટે મંકવામાં આવી છે. જેનો ઉપયોગ સમગ્ર વિશ્વની ગર્ભવતી મહિલાઓ કરી શકશે. આ એપ્લીકેશન દ્વારા બાળકના PQ, IQ, EQ અને SQનો વિકાસ થાય તેવું સચોટ મટીરિયલ આપવામાં આવ્યું છે.

આ એપ અને એના વપરાશ વિશે વાત કરતા ડો. પ્રગ્નેશ શાહે જણાવ્યું હતું કે, આધુનિક મહિલાઓ ગર્ભવતી હોવા છતાં પણ નોકરી અને પોતાના વ્યવસાય સાથે સંકળાયેલી હોય છે. તેઓ પ્રેગ્નનસીની દરેક નાનામાં નાની પળને અનુભવવા પણ ઈચ્છતી હોય છે. આ ૯ મહિનાઓ પ્રવાસ ખૂબ જ સરળ, સ્વસ્થ અને આનંદપૂર્વક પસાર થાય એ જરૂરી છે. આધુનિક ટેકનોલોજીના માધ્યમથી વૈદિક વિજ્ઞાન, આધુનિક મેડિકલ વિજ્ઞાન અને આર્યુવેદનું અદભુત મિશ્રણ આ એપ, ગર્ભાવસ્થાનું પ્લાનિંગ કરતી અને ગર્ભસ્થ સ્ત્રીઓ માટે ખુબ જ ઉપયોગી છે. ગર્ભવતી સ્ત્રીઓને સામાન્ય રીતે મુડ સ્વીંગ, કંટાળો, થાક અને અણગમો રહેતો હોય છે. જેની અસર ગર્ભસ્થ શિશુ પર પણ થતી હોય છે. આ એપ્લીકેશન દ્વારા મટીરિયલ એટલી રસપ્રદ રીતે આપવામાં આવ્યું છે જેથી ગર્ભવતી સ્ત્રીનો સમય આનંદદાયક અને સકારત્મક વાતાવરણમાં પસાર થાય, જેની હકારાત્મક અસર ચોક્કસ આવનારા શિશુ પર પડશે.

મજેસ્ટીક ગર્ભસંસ્કાર સંસ્થા દ્વારા ગર્ભસંસ્કારના જ્ઞાનનો ફેલાવો કરવા માટે છેલ્લા ઘણા વરસોથી પ્રયત્નો ચાલી રહ્યા છે. જે અંતર્ગત ૩૬૦૦૦ લોકો ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ, ૧૧૦૦૦ લોકો વોટ્સેપ, ૩૫૦૦૦થી વધુ લોકો વેબિનારનો ભાગ બની ચુક્યા છે, જે ગર્ભસંસ્કારના વિષયમાં એક અનોખો રેકોર્ડ છે.

# ગાંધીજીનો વિનોદ

॥ ચોવીસમો મણકો ॥

**૬૩ - મૂરખનો સરદાર**

ગાંધીજી પોતાની આત્મકથા લખી રહ્યા હતા ત્યારે એક નામાંકિત ભાઈ ગાંધીજી પાસે આવી કહેવા લાગ્યા કે અમુક પ્રસંગમાં હું તમારી સાથે હતો તે યાદ છે ને ? તે પ્રસંગ પણ તમે લખજો અને મારું નામ અંદર આવવા દેજો.

આ અંગે બીજા સમક્ષ બોલતાં ગાંધીજીએ કહ્યું, તે મૂરખનો સરદાર છે ને ? તેને ખબર નથી કે આત્મકથા મમીબાઈ જેવાં સ્ત્રીપુરુષો કે જેની મહત્તા જગત કદી જાણવાનું નથી તેમને અમર કરવા માટે લખાઈ રહી છે.

**૬૪ - ભલીવાર શેમાં ?**

એક વાર ગાંધીજીનો મુકામ બેંગલોર હતો ત્યારે સાયન્સ ઈન્સ્ટીટ્યુટમાં પધારવાનું આમંત્રણ આપવા માટે વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ અને લેડી રામન તેમને મળવા આવ્યાં. આવાં બીજાં આમંત્રણોનો ગાંધીજીએ અસ્વીકાર કર્યો હતો પણ વિજ્ઞાન પરના તેમના પ્રેમે વિદ્યાર્થીઓની ઈચ્છા બર આણી અને ગાંધીજીએ સાયન્સ ઈન્સ્ટીટ્યુટની મુલાકાત લેવાની હા પાડી. પણ એક શરતે.




'જો ત્યાં સર સી વી રામન મને કશોક જાદુ દેખાડે તો !'

વિદ્યાર્થીઓએ હસીને હા પાડી અને તેમના હસ્તાક્ષર લેવાની પડાપડી કરવા લાગ્યા.

પછી ગાંધીજી લેડી રામન સાથે કમલા નહેરુ સ્મારક ફાળામાં મદદ કરવાની વાતો કરી રહ્યા હતા. તે દરમિયાન સર રામને ઓરડામાં પ્રવેશ કર્યો. લેડી રામન ગાંધીજી સાથે તેમને આવડે તેવી હિંદી ભાષામાં વાત કરી રહ્યાં હતાં. તેની ટીકા કરતાં રામને ગાંધીજીને કહ્યું, એમની હિંદીમાં કંઈ ભલીવાર છે ?

ગાંધીજી : જરૂર, તમારા વિજ્ઞાન જેટલી ખરી જ.

વિદ્યાર્થીઓ ખડખડ હસી પડ્યા.


**૬૫ - પતિ પર હુકમ બજાવો**

આપણા રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ એકવાર માંદા હતા. ગાંધીજી તેમને થોડી મિનિટ માટે મળવા ગયા અને તેમને સંપૂર્ણ આરામ લેવાની સલાહ આપી. પછી તેમનાં પત્નીને પૂછ્યું, કેમ બરાબર સેવા નથી કરતાં લાગતાં કે ઘડીએ ઘડીએ માંદા પડે છે ?

રાજેન્દ્રબાબુનાં પત્ની : બાપુજી, અમારું ક્યાં માને છે ? ખૂબ કામ કરે છે. આરામ લેતા નથી એટલે માંદા પડે છે.

ગાંધીજી : એ વાંક પણ તમારોસ્તો. તમારે હુકમ કરવો જોઈએ કે હવે આરામ લેવો પડશે. રાજેન્દ્રબાબુ પતિ તરીકે તમારી ઉપર હુકમ ક્યારેક બજાવતા હશે ને ? તો તમને પણ તેમની પર હુકમ બજાવવાનો અધિકાર છે.

આખો ઓરડો હાસ્યના નાદે ગાજી ઊઠ્યો.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# ધોરણ ૧૦ પછી સાયન્સ લેવું કે કોમર્સ ?




નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. હું ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરી રહી છું. મારે ધોરણ ૧૨ પછી થતી પ્રવેશ પરીક્ષાઓ જેમ કે આઇ. આઇ. ટી. – જે.ઈ.ઈ. વિગેરે આપવી છે. ટાઈમનું મેનેજમેંટ કેવી રીતે કરવું તેના વિષે માર્ગદર્શન આપવા વિનંતી.**

**- જૂહી ચાવડા, ગાંધીનગર**

જૂહી,તમારી તમારા કરિયર વિષેની જાગૃતતા જોઈને ઘણો આનંદ થાય છે. સૌપ્રથમ, તમે જણાવેલી સમસ્યા તમારા એકલાની નથી. તમારા જેવા લાખો વિદ્યાર્થીઓ જે ૧૨માં ધોરણની પરીક્ષા આપી રહ્યા હોય છે તેમને આ જ સવાલ છે. ટાઈમનું મેનેજમેંટ કેવી રીતે



કરવું? આનો જવાબ ખૂબ સરળ છે. અને તે છે "ધ્યેય". તમારો ધ્યેય નક્કી કરો. તમારે શું કરવું છે કરિયરમાં. શું તમારે ઍંજીનિયર બનવું છે આઈ.આઈ.ટી.માં થી? શું તમારે ૧૨માં પછી આઈ.આઈ.એમ.માં જવું છે? શું તમારે વિદેશ જવું છે? જે પણ તમારો ધ્યેય હોય તે નક્કી કરો. તે નક્કી કર્યા પછી તમારા દિવસનો મોટાભાગનો સમય તમારા ધ્યેય સુધી પોહચવામાં લગાવી દો. સ્કૂલમાં જે ભણાવતા હોય તેના પર ધ્યાન આપો. ત્યાં ભણી લેશો, તો ટ્યૂશનની જરૂર ઓછી પડશે અને તમારો ટીમે બચશે. સ્કૂલ સમય સિવાયના સમયમાં તમારા ધ્યેય તરફ આગળ વધો. દરેક વિષય નું પ્લાનિંગ કરો. જેમ કે દિવસનો કેટલો સમય તમે રસાયણ વિજ્ઞાનને આપશો, કેટલો ગણિતને આપશો, અને આવી જ રીતે બધા વિષયો વાંચવાનું એક પ્લાનિંગ કરો. અઠવાડીયામાં કેટલા ચેપ્ટર પૂરા કરશો તેનું પણ પ્લાનિંગ કરો. આવું કરવાથી તમારી તૈયારી એક ચોક્કસ દિશામાં થશે અને તમને તમારા ધ્યેય તરફ આગળ વધારશે. જે પ્લાનિંગ કરો એમાં થોડો સમય અડધો કલાક જેટલો, થોડા-થોડા અંતરે, તમે રિલેક્સ અને ફ્રેશ રહો એના માટે પણ ફાળવજો. અને આ બધા ટાઈમ મેનેજમેંટનો કોઈ મતલબ નહીં રહે જો તમે તમારા પ્લાનિંગને અમલમાં નહીં મૂકો! એક નિયમ બનાવી લેજો, જ્યાં સુધી દિવસનું નક્કી કરેલું કામ પૂરું ના થાય ત્યાં સુધી મંડ્યા રહેવાનુ. આ રીતે તમારો ટાઈમ ખૂબ સારી રીતે મેનેજ થશે અને તમે તમારા ધ્યેય ને સરળતાથી પ્રાપ્ત કરી શકશો. એટલું જરૂર યાદ રાખજો કે જો તમે મક્કમ હોવ, તો કોઈપણ વસ્તુ અશક્ય નથી અને પ્લાનિંગ સાથે કોઈ પ્રેશર નથી! વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

**૨. હું અત્યારે બી.એસ.સી કરી રહ્યો છું. યુ.પી.એસ.સી.ની પરીક્ષા અને તેમાં લેવાતા ઇન્ટરવ્યુ વિશે માહિતી આપશો.**

**- પ્રદીપ શ્રીમાળી, માણસા**

આપના પ્રશ્ન પરથી ખ્યાલ આવે છે કે આપ યૂ.પી.એસ.સી. સિવિલ સર્વિસિસ (સી.એસ.)ની વાત કરી રહ્યા છો. સિવિલ સર્વિસિસની પરીક્ષા ત્રણ તબક્કામાં થતી હોય છે. પ્રથમ તબક્કો જેને પ્રિલિમ્સ (પ્રાથમિક) પરીક્ષા કહેવાય છે. તેમાં બે ભાગ હોય છે – એપ્ટિટ્યૂડ ટેસ્ટ (સી.એસ.એ.ટી) અને જનરલ



સ્ટડીઝ (જી.એસ.). તેમાં ઉતીર્ણ થયા બાદ આપે સિવિલ સર્વિસિસ મેઈન્સની (મુખ્ય) પરીક્ષા આપવાની રહે છે. તેમાં કુલ નવ પેપર હોય છે. તેમાંથી બે પેપર ભાષાના હોય છે—એક પેપર કોઈ પણ ભારતીય ભાષાનું અને બીજું પેપર અંગ્રેજી ભાષાનું. નિબંધ લેખન પર એક પેપર હોય છે. તદુપરાંત બે પેપર જનરલ સ્ટડીઝ અને બે પેપર ઑપ્શનલ સબ્જેક્ટ એટ્લે આપડે સિલેક્ટ કરેલા વિષયોમાંથી હોય છે. મુખ્ય પરીક્ષા પાસ કર્યા બાદ, ઈન્ટરવ્યૂ લેવાતા હોય છે. અને તે પણ પાસ કર્યા બાદ આપનું મેરીટ લિસ્ટ બને છે. મેરીટ પ્રમાણે પછી સિવિલ સર્વિસિસમાં જગ્યા મળતી હોય છે. સિવિલ સર્વિસિસ જેમ કે આઈ.એ.એસ., આઈ.પી.એસ.,આઈ.આર.એસ., વિગેરેમાં મેરીટ પ્રમાણે જગ્યા મળી શકે છે. ઈન્ટરવ્યૂ માટે આપે વ્યવસ્થિત તૈયારી કરવાની રહે છે. સામાન્ય રીતે ઈન્ટરવ્યૂમાં પેનલ હોય છે. ઈન્ટરવ્યૂ તમારી માનસિક સ્થિરતા અને ક્ષમતા ચકાસે છે. આપ કરંટ અફેર્સ નિયમિત વાંચો તેવી અપેક્ષા હોય છે. આપના ગ્રેજ્યુએશનના વિષયો ઉપર આપની મજબૂત પકડ હોવી જોઇયે. ઈન્ટરનેટ પર યૂ.પી.એસ.સી. ઈન્ટરવ્યૂના નામે ચાલતા ઘણા બધા પ્રશ્નો હકીકતમાં યૂ.પી.એસ.સી.ના હોતા નથી અને તેથી આવા પ્રશ્નોથી ભ્રમિત થવું નહીં. જો ઈન્ટરવ્યૂમાં કોન્ફિડંટ હશો તો આપ ચોક્કસ ઈન્ટરવ્યૂ પાસ કરી શકશો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલકરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩ .મે હાલ ધોરણ ૧૦ ની પરીક્ષા આપી છે.તો હવે આગળ મારા માટે કોમર્સ માં જવું હિતાવહ રહેશે કે સાયન્સ માં જવું?માર્ગદર્શન આપશો.**

**- વંશ દોશી, ગાંધીનગર**

આ પ્રશ્ન ફક્ત આપનો નહીં પણ ધોરણ ૧૦ ના અનેક વિદ્યાર્થીઓ અને એમના વાલીઓ ને સ્પર્શ કરનારો છે.સૌપ્રથમ તો આપ એ નક્કી કરો કે ધોરણ ૧૨ પછી આગળ આપ શું કરવા માંગો છો?કયા ક્ષેત્ર માં આગળ વધવા માંગો છો?ત્યાર બાદ એ નક્કી કરો કે એ ધ્યેય સુધી પહોચવા આપને કયો વિકલ્પ વધુ ઉપયોગી બની શકે છે?જો આપણે વિજ્ઞાન અને



ગણિત અથવા જીવવિજ્ઞાન પ્રત્યે વધુ લગાવ હોય અને આપ તબીબી અથવા તકનીકી ક્ષેત્રે આગળ વધવા માંગતા હોય તો આપ સાયન્સ પસંદ કરી શકો છો.જો આપણે એકાઉન્ટ અને સ્ટેટિટિક્સ જેવા બીજ ગણિત ના વિષયો માં રસ હોય તો અને ભવિષ્ય માં આપ સી.એ ક્ષેત્ર માં આગળ વધવા માંગતા હોય તો આપ કોમર્સ લઈ શકો છો.અને જો આપણે સાહિત્ય અને કલા વધુ રુચિ હોય તો આપ આટ્ર્સ માં જઈ શકો છો.આપને એ પણ જણાવી દઈએ કે આપ કોઈ પણ ક્ષેત્ર પસંદ કરો દરેક માં આપણે કારદીર્દી ના વિકલ્પ મળી રહેશે.બસ આપ જે પણ પસંદ કરો એમાં લક્ષ્ય પર ધ. આપીને આપે મેહનત કરવાની રહેશે.એટ્લે આપ ને જે ક્ષેત્ર માં રુચિ હોય એ ક્ષેત્ર માં જઈ શકો છો.અને પછી ભવિષ્ય ના આપના ધ્યેય ને પૂરું કરવા આપે ત્યાર થી જ મેહનત ચાલુ કરી લેવી.એ પણ જણાવી દઈએ કે કોઈ પણ વિકલ્પ સહેલો કે કઠિન નથી હોતો.સાયન્સ કઠિન અને આટ્ર્સ સહેલું એમ કદાપિ હોતું નથી.દરેક વિષય પોતાની રીતે વિશેષ હોય છે.એટ્લે કોઈ પણ વિકલ્પ ની સહેલા અને કઠિન ના ધોરણ ના આધારે પસંદગી ન કરવી. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુક: www.facebook.com/questions.careercorner